# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

R.C.C.I.
Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફીઓ ના સંયુકત ઉપક્રમે નિકાસકારો માટે લેટર ઓફ ક્રેડીટ, મેથોડ ઓફ પેમેન્ટ તથા ઈન્કોટર્મ્સ ૨૦૨૦ અંગે માર્ગદર્શન આપતા સેમિનારનું આયોજન કરવામાં આવેલ...જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહેલ..**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશન(ફિઓ)ના સંયુકત ઉપક્રમે તા.૨૪-૬-૨૦૨૩, શનિવારના રોજ રાજકોટ ચેમ્બર હોલ ખાતે સવારના ૧૧:૦૦ થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી નિકાસકારો માટે લેટર ઓફ ક્રેડીટ, મેથોડ ઓફ પેમેન્ટ તથા ઈન્કોટમર્સ ૨૦૨૦ અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર અને ફીઓ દ્વારા ઘણાં વર્ષોથી નિકાસકારો માટે અલગ-અલગ વિષયો પર માર્ગદર્શન પુરૂ પાડતા વિવિધ સેમિનારો યોજવામાં આવી રહયા છે. હાલમાં નિકાસકારો માટે નિકાસ દરમ્યાન પેમેન્ટ રીલેટેડ ઘણી મુશ્કેલીઓ પડી રહેતી હોય છે. તેના નિવારણ માટે અને નિકાસ દરમ્યાન કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે આજરોજ મહત્વના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જે સૌને ખુબ જ ઉપયોગી બની રહેશે. સાથો સાથ તાજેતરમાં જ રાજકોટ ખાતે છેલ્લા ત્રણેક મહિનાથી જોઈન્ટ ડીજીએફટીની જગ્યા ખાલી પડેલ હતી. જેના કારણે નિકાસકારોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહેલ અને નિકાસ સલંગ્ન કાર્યવાહીઓ અટકી ગયેલ હોવાથી રાજકોટ ખાતે જોઈન્ટ ડીજીએફટીની ખાલી પડેલ જગ્યા તાત્કાલીક ભરવા માટે રાજકોટ ચેમ્બર દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉધોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજીને રૂબરૂ તેમજ લેખિત રજુઆતો કરવામાં આવેલ હતી. જે રજુઆતને સફળતા મળેલ છે અને સોમવાર સુધીમાં નવા જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની ચાર્જ સંભાળી લેશે.

ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રાસંગીક ઉદબોધન આપતા જણાવેલ કે વેપાર-ઉધોગકારોને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે રાજકોટ ચેમ્બર સરકારશ્રી તથા વિવિધ ડિપાર્ટમેન્ટમાં અગ્રેસર રહી એક સેતુ બની કાર્ય કરી રહયું છે. આપણે સૌ જાણીએ છીએ તેમ ભારત દેશ આજે ત્રીજી આર્થિક મહાસતા તરફ આગળ વધી રહયું છે તેમજ દેશના અર્થતંત્રને વધુ વેગવંતુ બનાવવામાં નિકાસનો મહત્વનો સિંહફાળો રહયો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવામાં સૌ સહભાગી બનીએ. રાજકોટ ચેમ્બર નિકાસક્ષેત્રે તેમજ અન્ય વિવિધ ક્ષેત્રો માટે સેમિનારો યોજે છે. જેનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા જણાવેલ.

સેમિનારના ખાસ વકતા મુંબઈ સ્થીત ઈન્ટરનેશનલ ટ્રેડના સલાહકાર વકતાશ્રી મિહીર શાહ દ્વારા આજનો આ સેમિનારનું આયોજન કરવા બદલ રાજકોટ ચેમ્બર તથા ફિઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ. નિકાસક્ષેત્રે ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે તે સ્વાભાવીક છે અને રિસ્ક પણ ઘણું હોય છે જેમ કે પ્રોડકટ રિસ્ક, માર્કેટ રિસ્ક, પોલીટીકલ રિસ્ક, લીગલ/રેગ્યુલેશન રિસ્ક, બાયર રિસ્ક અને પેમેન્ટ રિસ્ક મહત્વના પરીબળો છે. તેનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય અને આપણા બિઝનેશને આગળ કેપ ધપાવી શકાય તે માટે આજના સેમિનારમાં મુખ્ય ત્રણ વિષયો જેવા કે લેટર ઓફ ક્રેડીટ, મેથોડ ઓફ પેમેન્ટ તથા ઈન્કોટર્મ્સ ૨૦૨૦ અંગે જાણકારી મેળવીશું. લેટર ઓફ ક્રેડિટએ વિદેશી બાયરની બેન્ક દ્વારા નિકાસકાર માલ મોકલે અને પુરાવા તરીકે નિકાસકારની બેન્કને જરૂરી ડોકયુમેન્ટસ રજુ કરે છે તે પછી ચુકવણી કરવા માટે કરારબદ્ધ પ્રતિબદ્ધતા છે. ટ્રેડ ફાઈનાન્સ ટુલ તરીકે લેટર ઓફ ક્રેડિટ નિકાસકારો અને બાયર બન્ને સુરક્ષિત રાખે છે. લેટર ઓફ ક્રેડિના મુખ્ય પાંચ પ્રકારો **(૧) Irrevocable LC (૨) Transferable LC (૩) Back to Back (counter) LC (૪) Red Clause LC (Advance Payment LC) (૫) Revolving LC હોય છે. જયારે મેથોડ ઓફ પેમેન્ટમાં એડવાન્સ પેમેન્ટ, ડોકયુમેન્ટસ અગેઈન્ટસ પેમેન્ટ, ડોકયુમેન્ટસ અગેઈન્ટસ એકસેપ્ટન્સ અને એલ.સી.**ની જાણકારી હોવી જરૂરી છે. જયારે ઈન્કોટર્મ્સ ૨૦૨૦ અંતર્ગત **Ex Works, Free Carrier, Carriage Paid To, Carriage And Insurance Paid To, Delivered At Place, Delivered At Place Unloaded, Delivered Duty Paid, Free Alongside Ship, Free On Board, Cost And Freight, Cost Insurance And Freight** વિવિધ ટર્મ્સ વિષે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. તેમજ ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુતર પાઠવી નિરાકરણ લાવેલ.

સમગ્ર સેમિનારનું સંચાલન તથા ઉપસ્થિત નિકાસકારોનો આભાર વ્યકત ફીઓના વેસ્ટર્ન રીજીઓનલ હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.